# GK Samixa 1 થી 30 સપ્ટેમ્બર , સામાન્ય જ્ઞાન

## સમીક્ષા 32 (1) તારીખ 1/9/16

**ભારતની 100 વર્ષીય એથ્લીટ મન કૌરે માસ્ટર્સ ગેમ્સમાં સુવર્ણ પદક જીત્યું...**

૧) ભારતની 100 વર્ષીય એથ્લીટ મન કૌરે 30 ઓગસ્ટ 2016 ના રોજ અમેરિકન માસ્ટર્સ ગેમ્સમાં 100 મીટર ડેશ પ્રતિયોગિતામાં સુવર્ણ પદક જીતેલ છે.

૨) વૈનકુંવરમાં આયોજિત આ સ્પર્ધામાં તેઓએ આ અંતર 1 મિનીટ 30 સેકન્ડમાં પૂર્ણ કર્યું હતું.

૩) ચંડીગઢના નિવાસી મન કૌર આ સ્પર્ધામાં આ વયના એકમાત્ર ખેલાડી હતા.

૪) આ પહેલા તેઓએ ભાલા ફેંક અને શોટ પુટ સ્પર્ધામાં પણ સુવર્ણ પદક જીત્યા હતા.

૫) કૌરે આજ સુધીમાં વિશ્વભરમાં આયોજિત સ્પર્ધાઓમાં 20 જેટલા પદકો જીતેલ છે.

૬) વર્લ્ડ માસ્ટર્સ ગેમ્સ એક આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં છે, જેનું આયોજન દર ચાર વર્ષે કરવામાં આવે છે.

૭) આ સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીની વય મર્યાદા 49 વર્ષથી ઉપર હોવી જોઈએ, આ સ્પર્ધામાં બ્રિટીશના કોલમ્બિયાના 101 વર્ષીય નિહાલ ગીલની વય મન કૌરથી વધારે હતી.

## સમીક્ષા 33 (1) તારીખ 2/9/16

**અશોક ચાવલા ટેરી યુનિવર્સીટીના કુલપતિ તરીકે નિયુક્તિ પામ્યા ...**

૧) ધ એનર્જી એન્ડ રીસોર્સીઝ ઈન્સ્ટીટ્યુટ (ટેરી) દ્વારા 31 ઓગસ્ટ 2016 ના રોજ પૂર્વ નાણા સચિવ અશોક ચાવલાને ટેરીના કુલપતિ પદ પર નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) આ અશોક ચાવલાને કુલપતિ બનાવવાનો નિર્ણય 19 ઓગસ્ટ 2016 ના રોજ લેવામાં આવ્યો હતો.

૩) આ નામની જાહેરાત સાથે યુનિવર્સીટીએ પૂર્વ કુલપતિ અને પ્રમુખ આર. કે.પચૌરી સાથેના સંબધો સમાપ્ત કરી દીધેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૪) ટેરી સંસ્થાની સ્થાપના વર્ષ 1974 માં કરવામાં આવી હતી.

૫) પ્રથમવાર આ સંસ્થા તાતા એનર્જી રિસર્ચ ઇન્સ્ટીટ્યુટના નામથી જાણીતી બની હતી.

૬) આ સંસ્થા ઉર્જાવિકાસ, પર્યાવરણ અને સતત વિકાસ પર સંશોધન કરે છે.

૭) વર્ષ 2013 માં આ સંસ્થાને ઇન્ટરનેશનલ સેન્ટર ફોર ક્લાઈમેંન્ટ ગવર્નન્સ દ્વારા શ્રેષ્ઠ ગ્લોબલ થીંક ટેંક સિલેક્ટ કરવામાં આવી હતી.

## સમીક્ષા 34 (1) તારીખ 3/9/16

**ગુજરાત સરકારે નાના એરપોર્ટ વિકસિત કરવાના હેતુથી એ.એ.આઈ.અને કેન્દ્ર સરકાર સાથે સમજુતી કરાર કર્યા...**

૧) હાલમાં ગુજરાત સરકાર દ્વારા ભારતીય વિમાન પ્રાધિકરણ સંસ્થા અને ભારત સરકાર સાથે 1 સપ્ટેમ્બર 2016 ના રોજ ત્રિપક્ષીય સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

૨) આ સમજુતી કરાર નો ઉદેશ્ય પ્રાદેશિક કક્ષાના 11 નાના એરપોર્ટ વિકસિત કરવાનો છે.

૩) આ કરાર અંતર્ગત 11 હવાઈ પટ્ટી/એરપોર્ટ વિકસિત કરવામાં આવશે.જેનાથી આંતરરાજ્ય આવાગમન સરળ બનાવી શકાશે.

૪) આ એરપોર્ટ ભાવનગર, ભુજ, જામનગર, સુરત, કેશોદ, પોરબંદર, કંડલા, અમરેલી,ડીસા, માંડવી, મહેસાણા જેવા શહેરોમાં વિકસિત કરાશે.

૫) કેન્દ્ર આર.સી.એ.ની વાયબીલીટી ગૈપ ફન્ડિંગ અંતર્ગત નાણાકીય સહાય પૂરી પડશે.

૬) આ યોજનામાં મૂળભૂત ફેરફારનો નિર્ણય નાગરિક ઉડ્ડયન મંત્રાલયના આર.સી.એ. અનુસાર લેવામાં આવશે.

૭) ઝારખંડ, અને મહારાષ્ટ્ર બાદ ગુજરાત આ યોજનાનો હિસ્સો બનશે.આ યોજનાનો લાભ લેનાર ગુજરાત ત્રીજું રાજ્ય બનશે.

## સમીક્ષા 35 (1) તારીખ 4/9/16

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

**માંન્ઝુલી સૌથી મોટા નદી દ્વીપના રૂપમાં ગીનીસબુક રેકોર્ડમાં સામેલ થયું...**

૧) ગીનીસ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા અસમના માંન્ઝુલીને 1 સપ્ટેમ્બર 2016 ના રોજ વિશ્વના સૌથી મોટા નદી દ્વીપના રૂપમાં નોંધેલ છે.

૨) આ દ્વીપ ઉત્તર–પૂર્વ ભારતના બ્રહ્મપુત્રા નદીમાં આવેલ છે.

૩) ગીનીસ બુક અનુસાર આ દ્વીપ છેલ્લા 30–40 વર્ષો પૂરના કારણે લગભગ એક તૃતીયાંશ ભાગ ખોઈ ચુક્યું છે.

૪) આ માંન્ઝુલીનું કુલ ક્ષેત્રફળ 1250 વર્ગ કિમી હતું, આ પરિઘ તેના શરૂઆતના સમયમાં હતો.

૫) વર્ષ 2014 માં આ ક્ષેત્રફળ માત્ર 352 વર્ગ કિમી રહેવા પામેલ છે.

૬) આ દ્વીપ સુધી પહોંચવા જોરહાટથી નાવ દ્વારા જઈ શકાય છે.

૭) આ દ્વીપનું નિર્માણ બ્રહ્મપુત્રા નદીના વહેણ બદલવાના કારણે થયેલ છે.

**સમીક્ષા 36 (1) તારીખ 5/9/16**

**દેશના પ્રધાનમંત્રી દ્વારા જમ્મુ–કાશ્મીરમાં ખેલ સંબધિત વિકાસ માટે વિશેષ પૈકેઝની જાહેરાત કરવામાં આવી...**

૧) 2 સપ્ટેમ્બર 2016 ના રોજ દેશના વડાપ્રધાનશ્રી દ્વારા જમ્મુ–કાશ્મીરના યુવાઓ માટે સકારાત્મક ખેલોનું વાતાવરણ ઉભુ થાય તે માટે 200 કરોડ રૂપિયાના વિશેષ પૈકેઝની જાહેરાત કરવામાં આવી છે.

૨) આ રકમથી રાજ્યના દરેક જિલ્લાઓમાં ઈનડોર સ્પોર્ટીંગ હોલ બનાવવામાં આવશે.

૩) શ્રીનગર અને જમ્મુમાં રહેલા બે સ્ટેડીયમન દરજ્જાઓ બદલીને આંતરરાષ્ટ્રીય સ્તરના કરવાની યોજના બનાવવામાં આવી છે.

૪) આ પૈકેઝ અનુસાર પૂંછ, રાજૌરી અને ઉધમપુરમાં રહેલા સ્ટેડીયમના દરજ્જાઓમાં વધારો કરવામાં આવશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૫) વોટર ગેમ્સ માટે પણ સરકાર દ્વારા 6 કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે.

૬) રાજ્યના યુવાઓને ખેલોમાં સાંકળવા માટે ‘સ્પોર્ટ ફોર ઓલ’ કાર્યક્રમ શરુ કરવામાં આવશે.

૭) ગ્રામીણ સ્તરમાં રમત–ગમતનો વ્યાપ વધારવા માટે રાજ્ય ખેલ પરિષદને પાંચ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે.

## સમીક્ષા 37 (1) તા 6/9/16

**ભારતની રીઝર્વ બેંકના નવા ગવર્નર તરીકે ડો.ઊર્જિત પટેલ આવશે...**

૧) આગામી 4 થી સપ્ટેમ્બરે હાલના 23 માં ગવર્નર તરીકે રઘુરામ રાજનનો કાર્યકાળ પૂરો થઇ રહ્યો છે, ત્યારે નવા ગવર્નર તરીકે ડો. ઊર્જિત પટેલની નિમણુંક કરવામાં આવેલ છે.

૨) ઊર્જિત પટેલ હાલ આર.બી.આઈ.ના ડેપ્યુટી ગવર્નર તરીકેની કામગીરી સંભાળી રહ્યા છે.

૩) ઊર્જિત પટેલ વર્ષ 2013 માં આર.બી.આઈ.માં જોડાયા હતા, અને તેઓ મોંઘવારી ઘટાડવામાં નિષ્ણાત હોવાનું માનવામાં આવી રહ્યું છે.

૪) આગામી ત્રણ વર્ષ માટે ઊર્જિત પટેલ રીઝર્વ બેંકના 24 માં ગવર્નર તરીકે કાર્યભાર સંભાળશે.

૫) ઊર્જિત પટેલે યેલ યુનિવર્સીટીમાંથી અર્થશાસ્ત્ર વિષયમાં પી.એચ.ડી. કરેલ છે.

૬) ઊર્જિત પટેલ બોસ્ટન કન્સલ્ટીંગ ગ્રુપ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સાથે કામ કરી ચુક્યા છે.

૭) ઊર્જિત પટેલે ઓક્સફર્ડ યુનિવર્સીટીમાંથી એમ.ફિલ.નો અભ્યાસ કરેલ છે.

## સમીક્ષા 38 (1) તા 7/9/2016

**હરિયાણા સરકારે સાક્ષી મલિકને રોહતક વિશ્વ વિદ્યાલયમાં કુશ્તી ડાયરેક્ટર તરીકે નિયુક્ત કરવાની જાહેરાત કરી...**

૧) 4 સપ્ટેમ્બર 2016 ના રોજ સાક્ષી મલિકને રોહતકમાં આવેલ મહર્ષિ દયાનંદ વિશ્વવિદ્યાલયમાં કુશ્તી ડાયરેક્ટર નિયુક્ત કરવાની જાહેરાત કરેલ છે.

www.edusafar.com

૨) હરિયાણાના ખેલ અને યુવા મામલાના મંત્રી અનીલ વીજે કહ્યું છે કે સાક્ષીને તેના વિશેષ કોષમાંથી 21 લાખ રૂપિયા અને 500 વારનો પ્લોટ ફાળવવામાં આવશે.

૩) હરિયાણા સરકાર પહેલા જ સાક્ષીને અઢી કરોડ રૂપિયાના રોકડ પુરસ્કારથી સન્માનિત કરી ચુકી છે.

૪) સાક્ષી મલિકનો જન્મ 3 સપ્ટેમ્બર 1993 ના રોજ હરિયાણામાં થયો હતો.

૫) તેઓ ભારતીય મહિલા પહેલવાન છે.

૬) સાક્ષી મલિકે બ્રાઝીલના રિયોમાં આયોજિત થયેલ વર્ષ 2016 ના ઓલિમ્પિકમાં કાંસ્ય પદક દેશને અપાવેલ છે.

૭) તેઓએ ગ્લાસગોમાં આયોજિત 2014 ના રાષ્ટ્રમંડળ ખેલોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી રજતપદક જીત્યો હતો.

## સમીક્ષા 39 (1) તા 8/9/2016

**જૈકી ચેનને માનદ ઓસ્કાર એવોર્ડ દેવામાં આવશે...**

૧) એક્શન ફિલ્મોના અભિનેતા,લેખક અને નિર્દેશક તથા માર્શલ આર્ટના કલાકાર જૈકી ચેનને માનદ ઓસ્કારથી સન્માનિત કરવામાં આવશે.

૨) આ સન્માન  તેઓને તેમની અસાધારણ પ્રતિભા માટે આપવામાં આવશે.

૩) ચેનને આ સન્માન 8 માં વાર્ષિક એકડેમી ગર્વનન્સ એવોર્ડ દરમિયાન 12 નવેમ્બર 2016 ના રોજ આપવામાં આવશે.

૪) બોર્ડ ઓફ ગવર્નન્સ ઓફ ધ એકડેમી ઓફ મોશન પિક્ચર્સ આર્ટસ એન્ડ સાઈન્સ દ્વારા હાલમાં તેના નામને પસંદ કરવામાં આવેલ છે.

૫) ચૈન ઉપરાંત બ્રિટીશ એડિટર એની વો કોટસ, કાસ્ટિંગ ડાયરેક્ટર લાયેન સ્ટાલમાસ્ટર અને ડોક્યુમેન્ટરી નિર્માતા ફ્રેડરિક વાઇજમૈનને પણ આ પુરસ્કાર આપવામાં આવશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૬)એકેડેમી અધ્યક્ષ ચેરિલ બ્રુન ઈસાક્સ દ્વારા આ ચારેયને પોતાની કલા ક્ષેત્રના જાણકાર બતાવવામાં આવ્યા છે.

૭) ઍકેડેમી માનદ ઓસ્કારનો શુભારંભ 1948 માં 21 માં ઍકેડેમી એવોર્ડ દરમિયાન કરવામાં આવ્યો હતો.

## સમીક્ષા 40 (1) તા 9/9/2016

**સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ મનાવવામાં આવ્યો...**

૧) 8 સપ્ટેમ્બર 2016 ના રોજ આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ મનાવવામાં આવ્યો.

૨) આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસનો આ વર્ષનો વિષય હતો, 'ભૂતકાળનો પાઠ અને ભવિષ્યનું લેખન.'

૩) આ વિષય એટલા માટે પસંદ કરવામાં આવ્યો કે વર્તમાનમાં આવેલી આપતિઓને મીટાવવા અને શિક્ષા પર પ્રકાશ પાડવા માટે ધ્યાન આપી શકાય.

૪) સયુંકત રાષ્ટ્રના સતત વિકાસ કાર્યક્રમ 2030 માં સાક્ષરતા પણ એક ભાગ છે, તેનો ઉદેશ્ય લોકોને ગુણવતા સહીત જીવનપર્યંત શીખવાની ક્ષમતા વિકાસ કરવા માટેનો અવસર પેદા કરે.

૫) વર્ષ 2011 ની વસતિ ગણતરી પ્રમાણે ભારતમાં 22 ટકા લોકો અભણ છે.

૬) દેશનું કેરલ રાજ્ય સૌથી વધારે સાક્ષર છે, ત્યાં 93.91 ટકા લોકો સાક્ષર છે.

૭) વર્ષ 2014 માં ભારતની સાક્ષરતા દરમાં 10 ટકાનો વધારો થયેલ છે.

## સમીક્ષા 41 (1) તા 10/9/2016

**ઈસરો દ્વારા આધુનિક વેધર સૅટેલાઈટ INSAT-3DR લોન્ચ કરાયો...**

૧) ભારતીય સ્પેસ એજન્સી ઈસરોએ 8 સપ્ટેમ્બર 2016 ના રોજ અત્યાધુનિક હવામાન ઉપગ્રહ ઈન્સેટ–3 ડી.આર. સફળતા પૂર્વક લોન્ચ કરેલ છે.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

૨) ઉપગ્રહ ઇન્સેટ–૩ ડી.આર.ને સ્વદેશમાં બનેલા નવીનતમ રોકેટ જી.એસ.એલ.વી.એફ. 50 ની મદદથી આ ઉપગ્રહને અંતરીક્ષમાં છોડવામાં આવેલ છે.

૩) આ ગ્રહનું વજન 2211 કિલોગ્રામ છે.ભારતમાં બનેલા ક્રાયોજેનિક એન્જીનથી આ ગ્રહને છોડવામાં આવ્યો છે.

૪) હાલમાં ભારત પાસે કલ્પના–1, ઇન્સેટ–3એ અને ઇન્સેટ–૩ ડી હવામાન માટેના ઉપગ્રહ છે.

૫) ઇન્સેટ–3 ડી.આર.ઉપરના ત્રણેય ગ્રહથી આગળ છે, આમાં બેહેતર ઇમેજિંગ સિસ્ટમ અને એટમોસ્ફીયર સાઉન્ડર છે.

૬) સેટેલાઈટ સાથે લાગેલું ઈમેર 36000 કિ.મી.ની ઉંચાઇએથી દર 26 મીનીટે પૃથ્વીની તસ્વીર ખેંચશે.

૭) આ ગ્રહથી રેડીયેશન દરિયાની સપાટીનું તાપમાન બરફની સપાટી તથા ધુમ્મસની માહિતી આપશે.

૮) આ ગ્રહ જમીનથી 70 કિમી.ઉંચે સુધી 40 સ્તરો પર વાયુમંડળનું તાપમાન અને 15 કિ.મી.ની ઊંચાઈ પરથી 21 સ્તરો પર ભેજનું સચોટ સ્તર માપી શકશે.

## સમીક્ષા 42 (1) તા 11/9/2016

**ઓ.પી.કોહલીએ મધ્યપ્રદેશના રાજ્યપાલનો પદભાર સંભાળ્યો…**

૧) 8 સપ્ટેમ્બર 2016 ના રોજ મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે ઓ.પી. કોહલીએ શપથ ગ્રહણ કર્યા.

૨) વર્તમાનમાં ઓ.પી.કોહલી ગુજરાતના રાજ્યપાલ છે, તથા તેને મધ્યપ્રદેશના કાર્યવાહક રાજપાલ બનાવવામાં આવ્યા છે.

૩) કોહલીને હાઈકોર્ટના ચીફ જસ્ટીસ રાજેન્દ્ર મેનન દ્વારા પદ અને ગુપ્તતાની શપથ લેવડાવવામાં આવી હતી.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) આ પહેલા રામ નરેશ યાદવ મધ્યપ્રદેશના રાજ્યપાલ હતા.જેમનો કાર્યકાળ 7 સપ્ટેમ્બર 2016 ના રોજ પૂર્ણ થયો હતો.

૫) કોહલી એક લેખક તથા શિક્ષણ વિદ્દના નામથી જાણીતા છે.કોહલી જુલાઈ 2014 માં ગુજરાતના રાજ્યપાલ બન્યા છે.

૬) ઓ.પી.કોહલી વર્ષ 1994 થી 2000 સુધી રાજ્યસભાના સાંસદ પણ રહી ચુક્યા છે.

૭) આ પહેલાના રાજ્યપાલ રામનરેશ યાદવ વ્યાપમ કૌભાંડ મામલે ચર્ચામાં રહ્યા હતા.

## સમીક્ષા 43 (1) તા 12/9/2016

**પ્રતિષ્ઠિત એમ.એમ. બેટ્નેસ એવોર્ડ માટે ઉપન્યાસ ઈન્ટુ ધ હિડેન વૈલીને પસંદ કરવામાં આવેલ છે...**

૧) અરુણાચલના આદિવાસીઓ પર લખવામાં આવેલ ઉપન્યાસ ઈન્ટુ ધ હિડેન વૈલીને 8 સપ્ટેમ્બર 2016 ના રોજ બ્રિટનના પ્રતિષ્ઠિત એવોર્સ એમ.એમ. બેટ્નેસ આપવામાં આવ્યો છે.

૨) આ ઉપન્યાસ આદિવાસીઓના જીવન પર લખવામાં આવેલ છે, તેના લેખક સ્ટુઅર્ટ બ્લૈકબર્ન છે.

૩) આ ઉપન્યાસ ઐતિહાસિક કથા વસ્તુ ધરાવે છે.જે આ એવોર્ડ માટે પસંદ થવામાં મહત્વનું સાબિત થયેલ છે.

૪) સ્પીકિંગ ટાઈગર તરફથી પ્રકાશન પામેલ આ ઉપન્યાસ ભારતમાં બ્રિટીશ સમયના અજાણ્યા ઈતિહાસ પર પ્રકાશ ફેંકે છે.

૫) આ ઉપન્યાસમાં બે વાર્તાઓ વણી લેવામાં આવી છે, અંગ્રેજ અને આદિવાસીઓ વચ્ચે થયેલ ટકરાવ એક વાર્તા અંગ્રેજ અને એક વાર્તા આદિવાસીની છે.

૬) ઓક્સફોર્ડના એચ.એન.એસ. કોન્ફરન્સમાં આયોજિત સમારોહમાં સ્ટુઅર્ટ બ્લૈકબર્નને આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

## સમીક્ષા 44 (1) તા 13/9/2016

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

# GK Samixa 1 થી 30 સપ્ટેમ્બર , સામાન્ય જ્ઞાન

**ઉત્તરપ્રદેશ સરકારે અભિનેત્રી વિદ્યાબાલનને સમાજવાદી પેન્શન યોજનાના બ્રાંડ એમ્બેસેડર બનાવવામાં આવ્યા છે.**

૧) 9 સપ્ટેમ્બર 2016 ના રોજ અભિનેત્રી વિદ્યાબાલનને સમાજવાદી પેન્શન યોજનાના બ્રાંડ એમ્બેસેડર નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) ઉત્તરપ્રદેશ સરકારે સમાજવાદી પેન્શન યોજનામાં તમામ ગરીબ મહિલાઓને સામેલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

૩) યોજનાનો વ્યાપ વધારીને વિદ્યા બાલનને તેની સાથે જોડવાની જાહેરાત ત્યાના મુખ્યમંત્રી અખિલેશ યાદવ દ્વારા કરવામાં આવી છે.

૪) સરકાર દ્વારા લાભાર્થી મહિલાઓને પેન્શનની રકમ દર મહીને ઉપલબ્ધ કરાવવામાં આવશે.

૫) આજે ઉત્તરપ્રદેશ રાજ્યમાં આ યોજના અનુસાર 55 લાખ મહિલાઓને દર મહીને 500 રૂપિયા પેન્શન આપવામાં આવે છે.

૬) સમાજવાદી પેન્શન યોજનાથી ઉત્તરપ્રદેશમાં 40 લાખ પરિવારોમાં એક જ લાભાર્થી લાભાન્વિન્ત થશે.

૭) વર્ષ 2019–2020 માં આ યોજના પર કુલ 3600 કરોડ રૂપિયા નાણાકીય બોજની સંભાવનાઓ છે.

**સમીક્ષા 45 (1) તા 14/9/2016**

**દીપા મલિક પેરાલિમ્પિકસમાં પદક જીતનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા...**

૧) ભારતીય એથલેટીક્સ દીપા મલિક 12 સપ્ટેમ્બર 2016 ના રોજ પેરાલિમ્પિકસમાં રજતપદક જીતી ચુક્યા છે.

૨) પેરાલિમ્પિકસની શોટપુટ ઇવેન્ટમાં પદક પ્રાપ્ત કરનાર તે પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બન્યા છે.

૩) આ પદક જીતવાની સાથે ભારતના પેરાલિમ્પિક રમતમાં ત્રણ પદક થયા.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) મલિકે શોટપુટ એફ.–53 સ્પર્ધામાં રજતપદક છ પ્રયાસોમાં 4.61 મીટરની ફેંકમાં મેળવેલ છે.

૫) બહેરીનના ફાતિમા નેધામે 4.76 મીટરની ફેંકમાં સુવર્ણ પદક પ્રાપ્ત કરેલ છે.

૬) ગ્રીસના દિમિત્ર કોરોકીદાએ 4.28 મીટર ફેંકમાં કાંસ્યપદક જીતેલ છે.

૭) દીપા મલિકને વર્ષ 2012 માં અર્જુન એવોર્ડ આપવામાં આવેલ છે.

## સમીક્ષા 46 (1) તા 15/9/2016

### રિયો પેરાલિમ્પિકમાં દેવેન્દ્ર ઝાઝરિયાએ સુવર્ણ પદક જીત્યો...

૧) 14 સપ્ટેમ્બર 2016 ના રોજ ભારતના દેવેન્દ્ર ઝાઝરિયાએ રિયો પેરાલિમ્પિકમાં પુરષોની ભાલા ફેંક એફ–46 સ્પર્ધામાં સુવર્ણ પદક જીતેલ છે.

૨) દેવેન્દ્ર ઝાઝરિયા દ્વારા પેરાલિમ્પિક રમતોમાં જીતવામાં આવેલ આ બીજું સુવર્ણ પદક છે.

૩) વર્ષ 2004 માં એથેન્સ પેરાલિમ્પિક રમત દરમિયાન પણ તેણે સુવર્ણ પદક હાંસલ કરેલ.

૪) દેવેન્દ્રએ આ સ્પર્ધામાં પોતાનો છેલ્લો રેકોર્ડ તોડીને નવો રેકોર્ડ 63.97 મીટર સુધી ભાલાને ફેંકીને બનાવ્યો હતો.

૫) આગળનો દેવેન્દ્રનો પોતાનો જ રેકોર્ડ 62.15 મીટર સુધીનો હતો.

૬) ચીનના ખેલાડી ચુનીલીયાંગ ગુઓએ 59.93 મીટર ભાલા ફેંકીને રજત પદક હાંસલ કરેલ.

૭) દેવન્દ્ર ઝાઝરિયા પેરાલિમ્પિક રમતોમાં સુવર્ણપદક જીતનાર પ્રથમ ભારતીય છે.

## સમીક્ષા 47 (1) તા 16/9/2016

### રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ રાષ્ટ્રપતિ ભવનમાં રાજભાષા પુરસ્કાર પ્રદાન કર્યા...

૧) 14 સપ્ટેમ્બર 2016 ના રોજ દેશના રાષ્ટ્રપતિ દ્વારા હિન્દી દિવસના ઉપલક્ષ્યમાં રાજભાષા પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યા છે.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

www.edusafar.com

૨) ગૃહમંત્રાલયના રાજભાષા વિભાગ તરફથી હિન્દી ક્ષેત્રમાં ઉલ્લેખનીય યોગદાન કરનાર મંત્રાલયો, વિભાગો અને રાષ્ટ્રીય કૃત બેંકોને આ પુરસ્કાર પ્રદાન કરવામાં આવે છે.

૩) વર્ષ 1949 માં આ દિવસે બંધારણ સભાના નિર્ણય અનુસાર હિન્દીને ભારત દેશની રાજભાષાનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

૪) આ અનુસંધાને રાજભાષા વિભાગ પ્રત્યેક વર્ષ 14 સપ્ટેમ્બર ના રોજ હિન્દી દિવસ સમારોહનું આયોજન કરે છે.

૫) હિન્દી દિવસના રોજ દેશની સ્કૂલો અને સંસ્થાઓ પર હિન્દી દિવસ વિશેષ રૂપથી મનાવવામાં આવે છે.

૬) આ સમારોહમાં રાજભાષા કીર્તિ પુરસ્કાર દેશના વિવિધ એકમોને આપવામાં આવે છે.

૭) રાજ ભાષા ગૌરવ પુરસ્કાર વિજેતાઓની એક અન્ય શ્રેણીમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે રાજ ભાષા ગૌરવ મૌલિક પુસ્તક લેખન યોજના 2015 પ્રદાન કરવામાં આવેલ.

**સમીક્ષા 48 (1) તા 17/9/2016**

**ભારતીય મૂળના દિનેશ ભરાડીયા અમેરિકામાં પ્રતિષ્ઠિત યંગ સ્કોલર પુરસ્કારથી સન્માનિત...**

૧) ભારતીય મૂળના સંશોધક દિનેશ ભરાડીયાને સપ્ટેમ્બર 2016 માં અમેરિકામાં પ્રતિષ્ઠિત યંગ સ્કોલર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

૨) મેસાચ્યુસેટ્સ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના વૈજ્ઞાનિકને આ સન્માન અમેરિકાની મારકોની સોસાયટી તરફથી રેડિયો તરંગોના ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન બદલ આપવામાં આવ્યું છે.

૩) દિનેશ ભરાડીયાને રેડિયો તરંગ મોકલવા અને પ્રાપ્ત કરવાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન માટે પસંદ કરવામાં આવ્યા છે.

૪) આ પુરસ્કાર રેડિયો નિર્માતા અને નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર વૈજ્ઞાનિક મારકોનીના સન્માનમાં તેમની દીકરીએ શરુ કરેલ.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૫) ભરાડીયાએ પોતાની ડુપ્લેક્સ રેડિયો ટેકનીકમાં તરંગોને લઈને લાંબા સમયથી ચાલી આવતી ધારણાને ખોટી ઠેરવી છે.

૬) દિનેશ ભરાડીયા મૂળરૂપે મહારાષ્ટ્રના કોલ્હાપુર જિલ્લાના છે.

૭) દિનેશ ભરાડીયાને આ પુરસ્કાર અંતર્ગત 4000 અમેરિકી ડોલર મળશે.

**સમીક્ષા 49 (1) તા 18/9/2016**

**અજીંક્ય રહાણે અને રોહિત શર્મા અર્જુન પુરસ્કારથી સન્માનિત...**

૧) 16 સપ્ટેમ્બર 2016 ના રોજ ખેલમંત્રી વિજય ગોયલે અજીંક્ય રહાણે અને રોહિત શર્માને નવી દિલ્હીમાં આયોજિત એક સમારોહમાં અર્જુન પુરસ્કારથી સન્માનિત કરેલ છે.

૨) રોહિત શર્માને વર્ષ 2015 માટે તથા અજીંક્ય રહાણેને વર્ષ 2016 માટે અર્જુન પુરસ્કારથી સન્માનિત કરાયા છે.

૩) અર્જુન પુરસ્કારની શરૂઆત વર્ષ1961 કરવામાં આવી હતી.

૪) અર્જુન પુરસ્કાર માટે છેલ્લા ચાર વર્ષો દરમિયાન ખેલાડીઓના પ્રદર્શનને ધ્યાને રાખીને આપવામાં આવે છે.

૫) અર્જુન પુરસ્કાર ભારતના ખેલાડીઓને આપવામાં આવતો એક મહત્વનો પુરસ્કાર છે.

૬) આ પુરસ્કાર ખેલાડીઓની ખેલભાવના, ક્ષમતા, નેતૃત્વ, અને અનુશાસનને ધ્યાને રાખી આપવામાં આવે છે.

૭) આ પુરસ્કાર વિજેતાઓને એક પ્રતિમા, પ્રમાણપત્ર તથા સમારોહનો પોશાક તથા પાંચ લાખ રૂપિયાની રકમ આપવામાં છે.

**સમીક્ષા 50 (1) તા 19/9/2016**

**ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પાંચ હાઈકોર્ટના મુખ્ય ન્યાયધીશોને નિયુક્ત કરવામાં આવ્યા...**

www.edusafar.com

## GK Samixa 1 થી 30 સપ્ટેમ્બર , સામાન્ય જ્ઞાન

૧) 16 સપ્ટેમ્બર 2016 ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા પાંચ હાઈકોર્ટના મુખ્ય ન્યાયધીશોની નિયુક્તિ કરવામાં આવી છે.

૨) કાયદા મંત્રાલયની અધિસુચનામાં કહેવામાં આવ્યું છે કે કલકતા, સિક્કિમ, ત્રિપુરા, મણીપુર અને કેરલના વરિષ્ઠ ન્યાયધીશોને પોતાની જ હાઈકોર્ટમાં મુખ્ય ન્યાયધીશોના રૂપમાં પદોન્ન્ત કરવામાં આવ્યા છે.

૩) કોલકાતા હાઈકોર્ટના જસ્ટીસ ગીરીશ ચંદ્ર ગુપ્તા ત્યાની કોર્ટના મુખ્ય ન્યાયધીશ બનશે.

૪) સિક્કિમ હાઈકોર્ટના જસ્ટીસ સતીશકુમાર અગ્નિહોત્રીને ત્યાંની હાઈકોર્ટના મુખ્ય ન્યાયધીશ બનાવાશે.

૫) આવી રીતે ત્રિપુરાના જસ્ટીસ તિન્લીઆન્થાંગ વાઈફેઈ, અને મણીપુર હાઈકોર્ટના જસ્ટીસ રાકેશ રંજન પ્રસાદ પણ મુખ્ય ન્યાયધીશનું પદ ગ્રહણ કરશે.

૬) કેરલ હાઈકોર્ટના જસ્ટીસ શંતનાગૌદર મોહન મલ્લિકાર્જુન ગૌડા પોતાની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ બનશે.

૭) હાઈકોર્ટના મુખ્ય ન્યાયધીશ પર પદોન્નતિ અને નવી નિયુક્તિ સંબધિત 35 ફાઈલો પેન્ડીંગ છે, તે સરકાર પાસે તેના નિકાલ માટેના અંતિમ તબક્કામાં છે.

## સમીક્ષા 51 (1) તા 20/9/2016

**અલકા સિરોહી યુ.પી.એસ.સી.ના નવા ચેરપર્સન નિયુક્ત કરાયા...**

૧) કેન્દ્ર સરકર દ્વારા પૂર્વ આઈ.એ.એસ. અધિકારી અલકા સીરોહીને યુ.પી.એસ.સી.ના નવા ચેરપર્સન તરીકે નિયુક્ત કર્યા છે.

૨) અલકા સિરોહી પહેલા આ પદ પર દીપક ગુપ્તા કાર્યરત હતા.તેમનો કાર્યકાળ આજે 20 સપ્ટેમ્બર 2016 ના રોજ સમાપ્ત થયેલ છે.

૩) પ્રશિક્ષણ વિભાગ અનુસાર રાષ્ટ્રપતિ દ્વારા તેમની નિયુક્તિ સ્વીકૃતિ પ્રદાન કરવામાં આવી છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) 21 સપ્ટેમ્બર 2016 ના રોજ અલકા સિરોહી તેમનો કાર્યકાળ સંભાળશે.

૫) અલકા સિરોહી મધ્યપ્રદેશ કૈડરના સેવાનિવૃત આઈ.એ.એસ. અધિકારી છે.

૬) આ સમયે તે એટલે કે અલકા સિરોહી યુ.પી.એસ.સી.માં સદસ્ય છે.

## સમીક્ષા 52 (1) તા 21/9/2016

**માનવ સંસાધન વિકાસ મંત્રાલયના મંત્રી દ્વારા આઈ.આઈ.ટી.ગુવાહાટીમાં સુપર કમ્પ્યુટર પરમ ઈશાનનું ઉદ્‌ઘાટન કરાયું...**

૧) 19 સપ્ટેમ્બર 2016 ના રોજ માનવ સંસાધન વિકાસ મંત્રાલયના મંત્રી પ્રકાશ જાવડેકર દ્વારા આઈ.આઈ.ટી.ગુવાહાટીમાં સુપર કમ્પ્યુટર પરમ ઈશાનનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ છે.

૨) આ સુવિધાથી આઈ.આઈ.ટી.ના વિદ્યાર્થીઓ તથા પ્રોફેસરોને સારી સુવિધા મળવાની આશા છે.

૩) આ કમ્પ્યુટર ઉત્તર પૂર્વીય ક્ષેત્રોમાં દુર સુધી સૌથી વધારે તેજ ચાલનાર છે.

૪) આ કમ્પ્યુટરને આઈ.આઈ.ટી ગુવાહાટી અને સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કમ્પ્યુટીંગ સી–ડેક દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

૫) પરમ ઈશાન 250 ટેરાફ્લોપ્સ અને 300 ટેરાબાઈટથી સુસજ્જ છે.

૬) આ કમ્પ્યુટરથી અવનવા ક્ષેત્રોમાં પ્રયોગની વિશાળ તક પ્રાપ્ત થશે.

૭) આ કમ્પ્યુટરમાં મોસમ, જળવાયું, મોડેલીંગ, ભૂકંપના ડેટા પ્રોસેસિંગ કરવામાં માટે પણ ઉપયોગી થશે.

## સમીક્ષા 53 (1) તા 22/9/2016

**આનંદી રમાંલીંગમેં ભારતીય ઈલેક્ટ્રોનીક્સ લીમીટિડના પ્રથમ મહિલા નિર્દેશક બન્યા...**

૧) 16 સપ્ટેમ્બર 2016 ના રોજ ભારતીય ઈલેક્ટ્રોનીક્સ લીમીટેડના પહેલા મહિલા નિર્દેશક તરીકે આનંદી રમાંલીંગમેં કાર્યભાર સંભાળેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૨) આનંદી રમાંલીંગમેં માર્કેટ ડાયરેક્ટર તરીકેનું પદ ગ્રહણ કરેલ છે.

૩) આ સંસ્થાનમાં પ્રથમવાર કોઈ મહિલાને આ પદ આપવામાં આવેલ છે.

૪) આ પહેલા આનંદી રમાંલીંગમ બેંગ્લોરમાં સૈન્ય સંચાર સામરિક વ્યાપાર એકમના મહાપ્રબંધક હતા.

૫) આનંદી રમાંલીંગમેં માર્ચ 1985 માં બી.ઈ.એલ.માં કાર્ય કરવાનો આરંભ કર્યો હતો.

૬) ભારતીય ઇલેક્ટ્રોનીક્સ લીમીટેડ એક સરકારી એયરોસ્પેસ અને રક્ષા કંપની છે,જેની ભારતમાં નવ ફેક્ટરીઓ આવેલ છે.

૭) ભારતના રક્ષા મંત્રાલયના જાહેર સાહસો પૈકીની આ સંસ્થા છે.

## સમીક્ષા 54 (1) તા 23/9/2016

**અતુલ્ય ભારત પર્યટન શિખર સંમેલન–2016 નો શુભારંભ...**

૧) 21 સપ્ટેમ્બર 2016 ના રોજ દેશની રાજધાની દિલ્હીમાં ત્રણ દિવસીય અતુલ્ય ભારત પર્યટન નિવેશ શિખર સંમેલન–2016 નો શુભારંભ થયેલ છે.

૨) આ સંમેલન 21 થી 23 સપ્ટેમ્બર સુધી ચાલનાર છે, તેમાં ભારતીય પર્યટન નાણા નિગમ, ભારત સરકારના પર્યટન મંત્રાલય અને ભારતીય ઉદ્યોગ પરીસંઘની મહત્વની ભૂમિકા છે.

૩) આ સંમેલન સાથે સરકાર દેશમાં રોકાણ વધારવાની બાબતો પર ભાર દેવા ઈચ્છે છે.

૪) ભારતીય ઉદ્યોગ તથા ભારતીય પર્યટન નાણા નિગમ લીમીટેડ આ શિખર સંમેલનના પ્રમુખ ભાગીદાર છે.

૫) આ શિખર સંમેલનનો મુખ્ય ઉદેશ્ય વધુ રોકાણને આકર્ષિત કરીને ભારત પર્યટન ક્ષેત્રને વધારે સક્ષમ બનાવવાનો છે.

૬) ભારતના જુદા–જુદા વિસ્તારોમાં મૃતપ્રાય રોકાણને જીવંત કરવા માટેની આ પહેલ છે.

www.edusafar.com

૭) ભારતમાં રોકાણકારો પર વિશેષ સત્ર, તમામ રોકાણ સંપતિઓની જાહેરાત અને પર્યટન ક્ષેત્રમાં એમ.એસ.એમ.ઈ.(સ્ટાર્ટઅપ સત્ર) વગેરે બાબતોમાં આગળ વધવામાં આવશે.

## સમીક્ષા 55 (1) તા 24/9/2016

**કોલકાતા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે ગીરીશચંદ્ર ગુપ્તા નિયુક્ત...**

૧) 22 સપ્ટેમ્બર 2016 ના રોજ કોલકાતા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે ગીરીશ ચંદ્ર ગુપ્તાએ શપથ ગ્રહણ કર્યા છે.

૨) પશ્ચિમ બંગાળના રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠી દ્વારા શપથ લેવડાવવામાં આવ્યા હતા.

૩) ગીરીશ ચંદ્ર ગુપ્તા વર્ષ 2000 માં કોલકાતા હાઈકોર્ટમાં ન્યાયાધીશ બનેલા,હવેથી તેઓએ મુખ્ય ન્યાયાધીશનું સ્થાન ગ્રહણ કરેલ છે.

૪) ગીરીશ ચંદ્ર ગુપ્તા પહેલા કોલકાતા ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ તરીકે મંજુલા ચેલ્લુર આ સ્થાન પર ફરજ બજાવતા હતા.

૫) મુખ્ય ન્યાયાધીશ મંજુલા ચેલ્લુરનું સ્થાનાંતરણ મુંબઈ હાઈકોર્ટમાં થયેલ છે.

૬) જો કે 22 ઓગસ્ટ 2016 થી કોલકાતા હાઈકોર્ટના કાર્યવાહક મુખ્ય ન્યાયધીશના રૂપમાં ગીરીશ ચંદ્ર ગુપ્તા જ ફરજ બજાવી રહ્યા હતા.

૭) 30 વર્ષ બાદ એવું બન્યું છે કે કલકતા ઉચ્ચ ન્યાયાલયમાં વર્તમાન ન્યાયાધીશને મુખ્ય ન્યાયાધીશ બનાવવામાં આવ્યા હોય.

## સમીક્ષા 56 (1) તા 25/9/2016

**હિન્દી–ઉર્દુ ભાષાના પ્રસિદ્ધ લેખક રેવતી શરણ શર્માનું અવસાન...**

૧) હિન્દી અને ઉર્દુના પ્રસિદ્ધ લેખક રેવતી શરણ શર્માનું નવી દિલ્હી ખાતે 23 સપ્ટેમ્બર 2016 ના રોજ અવસાન થયેલ છે.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

૨) રેવતી શરણ શર્મા પ્રસિદ્ધ નાટ્યકાર હતા અને તેઓ ટેલીવિઝન સાથે સંકળાયેલ હતા, તેઓ 92 વર્ષની વયના હતા.

૩) તેઓને ઓલ ઈન્ડિયા રેડિયો દ્વારા પ્રસારિત કરવામાં આવતા નાટકો માટે વિશેષ રૂપથી ઓળખવામાં આવે છે.

૪) વર્ષ 2007 માં તેઓને થીયેટરમાં ઉલ્લેખનીય યોગદાન માટે સંગીત નાટક અકાદમી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

૫) રેવતી શરણ શર્મા દ્વારા ઘણી પ્રસિદ્ધ ધારાવાહિક પણ લખવામાં આવી છે, તેમાં ધ ગ્રેટ મરાઠા, ફિર વહી દાસ્તાન તેમજ ઔર ભી ગમ હૈ ઈસ જમાને મૈ સામેલ છે.

૬) રેવતી શરણ શર્મા દ્વારા રેડિયો માટે 150 થી વધારે નાટકો લખવામાં આવ્યા છે,જેમાંથી ઘણા અન્ય ભાષામાં અનુવાદિત થયા છે.

૭) રેવતી શરણ શર્માને કલા પરિષદ અને ગાલીબ પુરસ્કાર થી પણ નવાજવામાં આવ્યા છે.

## સમીક્ષા 57 (1) તા 26/9/2016

**ભારતીય વાયુસેના દ્વારા મિરાજ– 2000 થી એમ.આઈ.સી.એ. મિસાઈલનું સફળ પ્રક્ષેપણ કરવામાં આવ્યું...**

૧) 23 સપ્ટેમ્બર 2016 ના રોજ હવાથી હવામાં પ્રહાર કરી શકે તેવી એમ.આઈ.સી.એ. મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

૨) આ પ્રક્ષેપણથી ભારતીય વાયુસેનામાં ઉન્નત લડાકુ વિમાન મિરાજ– 2000 થી તેને કૃત્રિમ નિશાના પર તાકવામાં આવ્યું હતું.

૩) સંરક્ષણ મંત્રાલય દ્વારા નવી દિલ્હીમાં જણાવ્યા મુજબ આ મિસાઈલે ઓછી ઊંચાઈ પર ઉડતા વિમાન જે વાસ્તવિક વિમાનથી નાના લક્ષ્યને નિશાન બનાવવામાં સફળ રહ્યું છે.

૪) સ્કવાડ્રન ટાઈગર્સ દ્વારા કરવામાં આવેલ સફળ પરીક્ષણથી ભારતીય વાયુસેના વિશ્વની ચૂંટાયેલી વાયુસેનાઓમાં સામેલ થઇ ગયું છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૫) મિરાજ–2000 ચૌથી પેઢીનું એકમાત્ર એન્જીન વાળું ઉન્નત લડાકુ વિમાન છે.

૬) મિરાજ–2000 ને ફ્રાન્સના ધ સ્સૌલોટ એવિએશન દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

૭) ઉન્નત મિરાજ–2000 માં થેલ્સ આર.ડી.વાઈ.2 રડાર,હેલમેટ ડિસ્પ્લે, નવા યંત્રો હથિયાર વહન કરવાની ઉન્નત ક્ષમતા તથા એમ.ડી.સી.એ. મિસાઈલની ક્ષમતા છે.

**સમીક્ષા 58 (૧) તા 27/9/2016**

**ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારી દ્વારા લિખિત પુસ્તક સીટીઝન એન્ડ સોસાયટીનું વિમોચન થયું...**

૧) 23 સપ્ટેમ્બર 2016 ના રોજ રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત એક કાર્યક્રમમાં દેશના વડાપ્રધાનની અધ્યક્ષતામાં ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારી દ્વારા લિખિત પુસ્તક સીટીઝન એન્ડ સોસાયટીનું વિમોચન થયું.

૨) આ પુસ્તકમાં ભારતના સામે આવનારી વિવિધ સમસ્યાઓને બતાવીને તેને ઉકેલવાના પ્રયાસો કરવામાં આવ્યા છે.

૩) રાષ્ટ્રપતિ દ્વારા કહેવામાં આવ્યું છે કે આ પુસ્તક આપણને સારા નાગરિકના રૂપમાં અપાણા કર્તવ્યોને યાદ કરાવશે.

૪) રાજનીતિ તંત્ર, સુરક્ષા અને સશક્તિકરણ જેવા વૈવિધ્યપૂર્ણ વિષય વસ્તુના મુદ્દાઓનું સંકલન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે.

૫) લોકતંત્રમાં અવાજ ઉઠાવવો સારી વાત છે, અને અન્ય દેશની તુલનામાં ભારતમાં વધારે પ્રમાણમાં પ્રતિકાર થાય છે.

૬) સમસ્યા પ્રત્યે ઉઠાવેલ આવજમાં માંગણીઓ સ્પષ્ટ હોય તો પરિણામ ઝડપથી મળે છે.

૭) આ પુસ્તકમાં દેશમાં વિભિન્ન ધર્મમાં માનવા વાળા લોકો રહે છે, જેઓની અનેક ભાષાઓ છે, પરંતુ અનેકતા એકતા ભારતમાં જોવા મળી છે, તેનો ઉલ્લેખ થયો છે.

**સમીક્ષા 59 (૧) તા 28/9/2016**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

**કેન્દ્રીય કૃષિ મંત્રાલય દ્વારા પંડિત દિન દયાળ ઉપાધ્યાય અંત્યોદય કૃષિ પુરસ્કારની શરૂઆત કરવામાં આવી...**

૧) કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલયે પ્રતિવર્ષ પંડિત દિન દયાળ ઉપાધ્યાયની જન્મ જયંતિ 25 સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તર પર ખેડૂતોને પુરસ્કારથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે.

૨) દિન દયાળ દ્વારા પોતાનું પૂરું જીવન રાષ્ટ્ર નિર્માણ અને ગરીબ લોકોના જીવનને ઉગારવા માટે સમર્પિત કર્યું હતું.

૩) તેમના યોગદાનના સન્માનમાં સમગ્ર દેશમાં શતાબ્દી સમારોહ આયોજિત કરવામાં આવી રહ્યો છે.

૪) કાલીકટ, કેરળમાં આયોજિત સમારોહમાં એક રાષ્ટ્રીય પુરસ્કાર અને 10 ઝોનલ પુરસ્કાર વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા છે.

૫) રાષ્ટ્રીય સ્તર પર અપાનાર પુરસ્કારમાં એક લાખ રૂપિયા આપવામાં આવ્યા છે.

૬) પ્રાદેશિક સ્તર પર અપાનાર પુરસ્કારમાં 50 હજાર રૂપિયાના 11 ઝોનલ પુરસ્કાર આપવામાં આવ્યા છે.

૭) વર્ષ 2016 નો પંડિત દિન દયાળ રાષ્ટ્રીય પુરસ્કાર દિનપુર નજફગઢના એક ઉદ્યમશીલ મહિલા ખેડૂત કૃષ્ણા યાદવને આપવામાં આવ્યો છે.

**સમીક્ષા 60 (1) તા 29/9/2016**

**વિશ્વબેંકે જીમયોંગ કિમને બીજા કાર્યકાળ માટે વિશ્વબેંકના નિર્દેશક માટે નિયુક્ત કરવામાં આવ્યા...**

૧) વિશ્વબેંકના કાર્યકારી નિર્દેશકોના બોર્ડ દ્વારા 27 સપ્ટેમ્બર 2016 ના રોજ બહુમતથી જીમયોંગ કિમને આગળના પાંચ વર્ષો માટે ફરીવાર વિશ્વબેંકના નિર્દેશક નિયુક્ત કર્યા છે.

૨) જીમયોંગ કિમનો નવી નિયુક્તિનો કાર્યકાળ 1 જુલાઈ 2017 થી શરુ થશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૩) બોર્ડ દ્વારા ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જીમયોંગ કિમનો પ્રથમ કાર્યકાળ 2012 થી શરુ થયો ત્યારથી શેરધારકો માટે બે નવા મહત્વકાંક્ષી લક્ષ્યોનું સમર્થન કરવામાં આવ્યું છે.

૪) વર્ષ 2030 સુધી ગરીબીનું ઉન્મૂલન તથા ખુશાલીનો પ્રસાર આ બેંકનું મહત્વનું લક્ષ્ય છે.

૫) જીમયોંગ કિમ એક દક્ષિણ કોરીયન અમેરિકન ડોક્ટર અને માનવ વિજ્ઞાની છે.

૬) જીમયોંગ કિમનો વિશ્વબેંકમાં પ્રથમ કાર્યકાળ 1 જુલાઈ 2012 થી શરુ થયો હતો.

૭) જીમયોંગ કિમ વર્ષ 2013 માં ફોર્બ્સ દ્વારા વિશ્વના સૌથી તાકાતવર લોકોની સૂચિમાં 50 માં સ્થાન પર હતા.

## સમીક્ષા 61 (1) તા 30/9/2016

**ઉત્તમ સિંહ લતા મંગેશકર લાઈફ ટાઈમ અચીવમેંટ એવોર્ડથી સન્માનિત...**

૧) પીઢ સંગીત નિર્દેશ અને વાયોલીન વાદક ઉત્તમ સિંહને 27 સપ્ટેમ્બર 2016 ના રોજ મહારાષ્ટ્ર સરકાર દ્વારા મંગેશકર લાઈફ ટાઈમ અચીવમેંટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

૨) આ પુરસ્કાર અંતર્ગત પાંચ લાખ રૂપિયા રોકડા અને સ્મૃતિ ચિન્હ,પ્રમાણપત્ર, શ્રીફળ તથા શાલ આપવામાં આવે છે.

૩) ઉત્તમ સિંહે પોતાની સંગીત યાત્રાની શરૂઆત એક વાયોલીન વાદકના રૂપમાં શરુ કરી હતી.

૪) ઉત્તમ સિંહનો જન્મ 25 મેં 1948 ના રોજ થયો હતો,ટે એક ભારતીય સંગીતકાર છે.

૫) લતા મંગેશકર પુરસ્કારની શરૂઆત મહારાષ્ટ્ર સરકાર દ્વારા વર્ષ 1992 માં કરવામાં આવી હતી.

૬) આ પુરસ્કાર લતા મંગેશકરના જન્મ દિવસ પર 28 સપ્ટેમ્બર ના રોજ આપવામાં આવે છે.

૭) વર્ષ 2014 માં કૃષ્ણા કલ્લે આ એવોર્ડના વિજેતા બન્યા હતા.

**– પરેશ ચાવડા**

www.edusafar.com

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો